# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

શ્રોતા મિત્રોને, ગણેશ ચતુર્થી ને સંવત્સરી પર્વની શુભેચ્છાઓ

---

1. **રાજ્યમાં પડેલા ભારે વરસાદના પગલે ખરિફ પાકનું મબલખ વાવેતર , મગફળી અને કપાસના વાવેતરમાં વધારો.**
2. **ભારે વરસાદના પગલે સાબરમતી નદીનું જળસ્તર વધતાં ખેડાના ત્રણને એરલિફ્ટ કરી અને ધોળકાના બે લોકોને N.D.R.F. દ્વારા બચાવાયાં.**
3. **આજે ગણેશ ચતુર્થના પાવન પર્વ પર રાજ્યભરમાં ગણેશ સ્થાપન , જ્યારે ક્ષમાયાચનાના સવંત્સરીના પર્વની જૈનો દ્વારા ઉજવણી - મુખ્યમંત્રીએ બંને તહેવારોની શુભકામના પાઠવી.**
4. **અમદાવાદ નજીકથી ત્રણ કરોડ 69 લાખની એમ્બરગ્રીસ સાથે એક ઝડપાયો એક ફરાર**
5. **કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં 11 સુવર્ણ અને 3 રજત સાથે કુલ 14 ચંદ્રક સાથે જીતી ભારતનો ડંકો.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RAIN

રાજ્યમાં ગઇકાલે સવારે છ વાગ્યાથી આજે સવારે ચાર વાગ્યા સુધીના બાવીસ કલાક દરમિયાન 57 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ વલસાડના કપરાડામાં બે ઇંચ થી વધુ અને ડાંગના સુબીર અને આહવામાં દોઢ ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે.

રાજ્યના બંધની પરિસ્થિતિની વાત કરીએ તો રાજ્યની જીવા દોરી સમાન સરદાર સરોવર બંધમાં 87 ટકા જેટલો, તો ઉકાઈ બંધમાં 78 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યમાં ભારે વરસાદના પગલે 98 બંધ હાઇએલર્ટ પર , 27 એલર્ટ પર છે. વરસાદને પગલે રાજ્યમાં કુલ 174 માર્ગો બંધ છે.

ધરોઇ ડેમમાંથી છોડવામાં આવી રહેલ પાણીમાં ઘટાડો થતાં સાબરમતી નદીના જલસ્તરમાં ઘટાડો થયો છે.

સાબરકાંઠા જિલ્લા કલેક્ટરે ખેડબ્રહ્માના દેરોલ તેમજ આસપાસના વિસ્તારની મુલાકાત લઈ વરસાદથી થયેલ નુકશાનની માહિતી મેળવી હતી.

હવામાન વિભાગે આજે છોટાઉદેપુર અને નર્મદા તેમજ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત 30 ઓગ સ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી છે.

**(બાઈટ – ડૉ.એ.કે.દાસ)**

# KHARIF PAAK VAAVETAR

આ વર્ષે રાજ્યમાં વરસેલા સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના ખેડૂતો દ્વારા 81 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર કરાયું છે જે કુલ વિસ્તારના 94 ટકા જેટલું છે.

અત્યાર સુધીમાં સૌથી વધુ આશરે **21.88** લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં મગફળી અને ત્યારબાદ **20.71** લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તેલીબીયા પાકોનું **30.46** લાખ હેક્ટરમાં , ધાન્ય પાકોનું **13.57** લાખ હેક્ટરમાં, કઠોળ પાકોનું **4.13** લાખ હેક્ટરમાં, ઘાસચારાનું **8.92** લાખ હેક્ટરમાં અને શાકભાજીનું **2.49** લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે.

રાજ્યમાં ચાલુ વર્ષે મગફળી , તુવેર, સોયાબીન, ડાંગર, મઠ જેવાં પાકોનું વાવેતર છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ વાવેતરની સરખામણીએ **100** ટકાને પાર પહોંચ્યું છે.

---

# KHEDA AIRLEFT RESCUE

ખેડા જિલ્લા વહીવટી તંત્રએ સાબરમતી નદીના પ્રવાહમાં ફસાયેલી ત્રણ વ્યક્તિઓને બચાવી લીધી છે. ખેડા તાલુકાના કોદરીયાપુરા નજીક સાબરમતી નદીમાં ત્રણ વ્યક્તિઓ ફસાઈ હોવાની જાણ ગામના સરપંચે કરતાં તંત્ર દ્વારા આ બચાવ કામગીરી કરવામાં આવી હતી.

નોંધપાત્ર બાબત એ છે કે યાંત્રિક બોટ દ્વારા પાણીના ઝડપી પ્રવાહમાં જવાનું મુશ્કેલ બનતા જિલ્લા વહીવટી તંત્રએ ફસાયેલા લોકોને એરલિફ્ટ કરીને સલામત સ્થળે ખસેડ્યાં હતા. આ ઉપરાંત ધોળકા તાલુકાના સરોડા ગામના બે વ્યક્તિઓનું પણ એનડીઆરએફની ટીમે રેસ્ક્યુ કર્યું હતું.. સાબરમતી નદીમં જળસ્તર વધતાં ખેતી કામ માટે ગયેલા બે વ્યક્તિઓ ફસાયા હતાં.

---

## GANESH CHATURTHI

આજે ગણેશચતુર્થી છે ત્યારે તેની ઉજવણી માટે રાજ્યભરમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં વિવિધ સંથાઓ દ્વારા આ તહેવારની અનેક રીતે ઉજવણી કરવામાં આવશે.

સાંભળીએ એક અહેવાલ...

## (વોઇસ કાસ્ટ : હેમાંગીની સોનારા)

અમદાવાદ, સુરત, વડોદરા સહિતના તમામ શહેરો અને નગરો તેમજ ગામડાઓમાં ગણેશજીની મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવશે. ગણેશ પંડાલો ઓપરેશન સિંદૂર સહિતની વૈવિધ્યસભર થીમ ઉપર શણગારવામાં આવ્યા છે . દરમિયાન જુદા જુદા વિસ્તારોમાં ગણેશ ઉત્સવ મંડળીઓ દ્વારા ગણેશજીની ઇકો ફ્રેન્ડલી મૂર્તિઓની સ્થાપના કરાશે. રાજ્યમાં સાંસ્કૃતિક વારસા અને પરંપરાગત લોક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫ 'ની પણ જાહેરાત કરાઇ આવી છે. જેમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારને પાંચ લાખ રૂપિયા , બીજા ક્રમને ત્રણ લાખ અને ત્રીજા ક્રમને એક લાખ **50** હજારના પુરસ્કાર અપાશે.

**હેમાંગીની સોનારા આકાશવાણી સમાચાર અમદાવાદ**

---

# PARYUSAN PARV

પર્યુસણ મહાપર્વનું આજે સમાપન થઇ રહ્યું છે. વર્ષ દરમિયાન કોઈ પણની સાથે મન દુઃખ થયું હોય તો આ સમયે અંતઃકરણપૂર્વક ક્ષમા માંગવામાં આવે છે અને ક્ષમા આપવામાં પણ આવે છે જેને મિચ્છામી દુક્કડમ કહેવામાં આવે છે, આજે વહેલી સવારથી ઉપાશ્રયમાં ખૂબ જ ભીડ જોવા મળે છે . દરેક દેરાસરોમાં ભવ્ય આંગી કરવામાં આવી રહી છે આ આઠ દિવસ દરમિયાન જે કંઈ તપ કર્યું હોય તેમણે પાંચમ અને છઠના દિવસે પારણું કરતા હોય છે . આ દિવસે સવારે વ્યાખ્યાનમાં બારસા સૂત્ર પૂજ્ય ગુરુ ભગવંતો દ્વારા વાંચન કરવામાં આવે છે.

---

# CM SHUBKAMANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિક ભાઇ-બહેનોને ગણેશ ચતુર્થી પર્વની અને જૈન અને જૈનેતર નાગરિક ભાઈ-બહેનોને સંવત્સરી પર્વ પ્રસંગે 'મિચ્છામી દુકકડમ' પાઠવ્યા છે.

ગણેશ ઉત્સવની શુભકામના પાઠવતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશજીની ઉપાસનાનું આ પર્વ દરેક પ્રકારના વિઘ્નો-સંકટો નિવારીને, રાષ્ટ્ર અને રાજ્યની પ્રગતિ , સુખ-સમૃદ્ધિ અને વિકાસને વધુ બળ પ્રદાન કરશે એવી કામનાઓ મુખ્યમંત્રીએ ગણેશ ચતુર્થીના આ પાવન પર્વ પ્રસંગે વ્યકત કરી છે.

તેમણે ઇકોફ્રેન્ડલી ગણેશ સ્થાપન કરીને પર્યાવરણ જાળવણી સાથે શ્રીજીની આરાધના-ઉપાસના કરવાનો પણ સૌને અનુરોધ કર્યો છે.

મુખ્યમંત્રીએ જૈન અને જૈનેતર નાગરિક ભાઈ-બહેનોને  સંવત્સરી પર્વ પ્રસંગે 'મિચ્છામી દુકકડમ' પાઠવતા તેમણે  કહ્યું હતું કે  પર્યુષણ મહાપર્વને ક્ષમાપના અને ઉપકાર સ્મરણનું પર્વ ગણાવતાં જણાવ્યું છે કે   , મન, વચન અને કર્મથી જાણે-અજાણે થયેલી ભૂલોની ક્ષમા-યાચનાનું આ પર્વ છે.

ભગવાન શ્રી મહાવીરના ક્ષમા , સંતોષ, સરળતા, વિનમ્રતા તેમજ કરૂણા અને જીવદયાના સિદ્ધાંતોને સમાજ જીવનમાં આત્મસાત કરનારૂં આ પર્યૂષણ પર્વ      , સામાજિક સમરસતા અને માનવતાની શક્તિઓને વધુ પ્રગાઢ બનાવશે એવી શ્રદ્ધા પણ મુખ્યમંત્રીએ વ્યક્ત કરી છે.

---

# CID CELL ARREST

અમદાવાદ પાસેથી  **C.I.D.**મસેલે વ્હેલની એમ્બરગ્રીસ વેચવા માટે આવેલા એક શખ્સની ધરપકડ કરી હતી.  જ્યારે એક ફરાર આરોપીની પકડવાની તજવીજ હાથ ધરી છે.

દવા અને અત્તર બનાવવાના ઉપયોગમાં લેવાતી એમ્બરગ્રીસ પ્રતિબંધિત  છે ત્યારે ભાવનગરનો એક શખ્સ કારમાં વ્હેલની ઉલેટીને વચવા ફરી રહ્યો હોવાની **C.I.D.**ના સેલને બાતમી મળી હતી અને ડમી ગ્રાહક બનીને આ આરોપીને ઝડપીને તેની પાસેથી ત્રણ કરોડ 69 લાખની એમ્બરગ્રીસ ઝડપી પાડી હતી. આ આ મામલે વધુ તપાસ હાથ ધરાઇ છે.

---

# CHOTAUDEPUR GARBA COMPITION

રાજ્ય સરકાર દ્વારા આયોજીત નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા-2025 અંતર્ગત છોટાઉદેપુર નગરના દરબાર હોલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. છોટાઉદેપુરના સાંસદ જસુભાઇ રાઠવાની ઉપસ્થિતિમાં યોજાયેલી નવરાત્રી રાસ ગરબા સ્પર્ધામાં અંદર જિલ્લાની 23 જેટલી શાળાઓના બાળકોએ ભાગ લીધો હતો.

સાંસદે જસુભાઇ રાઠાએ કહ્યું કે , આવી સ્પર્ધાઓ કારણે બાળકોમાં રહેલી કળાનો વિકાસ થાય છએ.

## બાઇટ- જશુભાઇ રાઠવા. સાંસદ છોટાઉદેપુર

---

# DAMAN – PSI ARREST

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ક્રાઈમ બ્રાંચના એક પીએસઆઈ સહિત કુલ 9 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

સુરત બારડોલીના 3 સહેલાણીઓ દમણ ફરવા આવ્યા હતા. તેમણે એક શોપમાંથી 5 પેટી દારૂ ખરીદી હતી. ત્યારબાદ, ક્રાઈમ બ્રાંચની ટીમે તેમને રસ્તામાં રોકી તપાસના બહાને રૂપિયા 10 લાખની માંગણી કરી.

સહેલાણીઓએ તેમાંમાંથી રૂપિયા 7 લાખ આપી દીધા , પરંતુ બાકીના રૂપિયા 3 લાખ આપવાને બદલે કંટ્રોલ રૂમ 112 પર ફોન કરીને જાણ કરી.

આ મામલે પોલીસ વડા કેતન બંસલે તરત જ કાર્યવાહી કરી અને એક પીએસઆઈ સહિત ક્રાઈમ બ્રાંચના 9 લોકોને ઝડપી લીધા..

---

# COMMONWEALTH WEIGHTLIFTING

અમદાવાદમા ચાલી રહેલી કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપના બીજા દિવસે ભારતીય ખેલાડીઓએ **11** સુવર્ણ અને **3** રજત ચંદ્રક સાથે કુલ **14** ચંદ્રક જીતીને શાનદાર પ્રદર્શન કર્યું છે

ગઇકાલે યોજાયેલી સ્પર્ધામાં કોયલ બારે, યુથ અને જુનિયર બંને કેટેગરીમાં વિશ્વ અને કોમનવેલ્થ રેકોર્ડ્સ બનાવ્યો છે જયારે પુરુષ જુનિયર કેટેગરીમાં યશ ખાંડાગલેએ સુવર્ણ ચંદ્રક જીતી,નવા જુનિયર કોમનવેલ્થ રેકોર્ડ્સ પણ બનાવ્યા છે.

આ ઉપરાંત પુરુષ વેઈટલિફ્ટર ખેલાડીઓમા યુથ બોયઝની **65** કિલો કેટેગરીમાં અનિક મોદીએ **238** કિલોના કુલ સ્કોર સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો.સિનિયર મેન્સ **65** કિલો કેટેગરીમાં, રાજા મુથુપંડીએ **296** કિલોના કુલ સ્કોર સાથે રજત ચંદ્રક જીત્યો.

સિનિયર વુમન્સ **53** કિલો કેટેગરીમાં ભારતની સ્નેહા સોરેનએ **185** કિલોના કુલ સ્કોર સાથે રજત ચંદ્રક મેળવ્યો છે.

---